# લોકદક્ષિણામૂર્તિ વાર્ષિકોત્સવ

મનસુખ સલ્લા

ભાવનગરની દક્ષિણામૂર્તિની સ્થાપના પછી સ્વ. પૂ. નાનાભાઈ ભટ્ટે ૧૯૩૮માં આંબલામાં ગ્રામદક્ષિણામૂર્તિની સ્થાપના કરી, ૧૯૫૩માં લોકભારતીની સ્થાપના કરી, આ ત્રણે સંસ્થાઓની સ્થાપના-તિથિઓ અલગ અલગ હોવા છતાં મૂળ સંસ્થાની તિથિ માગશર વદ બારસને જ વાર્ષિક દિન ગણવામાં આવે છે. જાણે કે નાનાભાઈની દક્ષિણામૂર્તિની વિચાર પરંપરાનો આ સળંગ-સાતત્યપૂર્ણ વિકાસ હોય! આજે ટ્રસ્ટો અલગ છે, પણ વિચાર અને કેળવણી દર્શનની દૃષ્ટિએ સાતત્ય જોઈ શકાશે. યુગબળો, સમયની જરૂરિયાત અને પ્રાસંગિકતાના ફેરફારોની દૃષ્ટિએ તપાસવામાં આવે તો ઘણું બદલાયું પણ છે, પરંતુ કેળવણી વિચાર કે દર્શનની મૂળભૂત બાબતને જાળવવાની જાગૃતિ રહી છે. તેમાં યુગબળો મુજબ વિકાસ કે સ્વરૂપ પરિવર્તનો જરૂર થયાં છે.

લોકભારતી સંસ્થાના વર્ષો જૂના કાર્યકર્તાઓનો નિવૃત્તિકાળ હવે નજીક આવતો જાય છે, નવા ચહેરાઓ ઉમેરાતા જાય છે. તેઓ પરંપરાને પચાવીને નિષ્ઠાનો પરિચય આપે તે અપેક્ષા સંતોષે છે. છેલ્લાં વર્ષોમાં છ જેટલા કાર્યકરો નવા આવ્યા છે. શ્રી અરુણભાઈ દવેએ નિયામકપદનો ભાર ઉપાડ્યો. તેને શોભાવવા દૃષ્ટિપૂર્વક અને ખંતપૂર્વક સક્રિય છે. લોકભારતીનું એ સદ્ભાગ્ય ગણાય કે વાર્ષિકોત્સવ કે અન્ય મોટાં કાર્યક્રમ-આયોજનો સમૂહભાવના (ટીમવર્ક)થી પાર પાડી શકે છે. તમામ વિભાગો અને કાર્યકરો એક દેહના અંગ-ઉપાંગોની જેમ જીવંત અને સક્રિય ફાળો આપે છે. તેથી પ્રસંગ દીપી ઊઠે છે. આ વાર્ષિકોત્સવમાં પણ તેનો દરેક વિભાગમાં અને દરેક કાર્યક્રમમાં અનુભવ થયો. પ્રશ્નો તો દરેક સંસ્થામાં હોય તેમ અહીં પણ હોય, પણ વ્યાપક હેતુ માટે વ્યક્તિગત અહંકારને ગૌણ ગણવાની સમજ અને સંસ્થાનિષ્ઠા રૂડાં પરિણામો નીપજાવે છે. શ્રી અરુણભાઈ દવે સૌને સાથે રાખીને કાર્યક્રમો શોભાવી રહ્યા છે.

આખી સંસ્થા સુંદર, સુઘડ, સ્વચ્છ બની ગઈ હતી. દરેક સ્થાનમાં કશુંક સ્પર્શી જાય તેવું આયોજન થયું હતું. ઔષધબાગ, દાભોલકર પ્રેરિત ઘાબાખેતીના પ્રયોગો અને વિજ્ઞાન ભવન, એનર્જી પાર્ક આ વખતનાં મુખ્ય આકર્ષણો હતાં. નાનાં-મોટાં સૌએ તેમાં રસ દાખવ્યો. સફાઈ, પ્રદર્શન, ભોજન, મનોરંજન, ઉતારા વ્યવસ્થા, કેન્ટીન, સારસ્વતભવનની સુશોભિત ગોઠવણ, ઊડીને આંખે વળગે તો જેઓ નેપથ્યે રહીને ઝીણી કાળજીથી સગવડ સાચવે તેવા ખેતી, ગૌશાળા, પાણી, મહેમાનગૃહ, વાહન વ્યવસ્થા, વીજળી, સ્ટોક સમિતિ, સ્વયંસેવક વ્યવસ્થા, માહિતી-પૂછપરછ જેવા અનેક વિભાગોએ પણ ભરપૂર કાળજી લીધી. આંખ ઠરે એવું દૃશ્ય સરજાયું હતું. થોડા છાંટા પડ્યા તેથી ચિંતા થઈ પણ વરસાદ ન આવ્યો તેથી પ્રસંગ અખંડ રહ્યો.

આ વર્ષે વિદ્યાર્થીઓના વાલીઓ, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, શ્રમશિબિરમાં વિદ્યાર્થીઓ જેમને ત્યાં ગયા હતા તે ખેડૂતો ખાસ ધ્યાન ખેંચતા હતા. ઉપરાંત સંસ્થાના ટ્રસ્ટીઓ, શુભેચ્છકો, સ્નેહીજનો, દાતાઓ પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા. માત્ર મુ. વૈદ્યસાહેબને સાંભળવાના આકર્ષણથી આવનારા પણ કેટલાક હતા.

એક મોટા ઉત્સવનું આયોજન કેમ કરી શકાય, તેને પાર કેમ પાડી શકાય, તેમાં શી શી કાળજી લેવી જોઈએ તેનું વિદ્યાર્થીઓને પ્રત્યક્ષ નિદર્શન મળ્યું. સૌથી વધુ અભિનંદનના અધિકારી છે વિદ્યાર્થીઓ સૌએ પોતાને ભાગે આવેલી જવાબદારી જાગૃતિ અને ચીવટથી પાર પાડી. તેમણે જવાબદારી ઉપાડી તેમાંથી જ તેમની કેળવણી થઈ. તેઓ આત્મવિશ્વાસ અને આયોજનની સૂઝ અવશ્ય પામ્યાં હશે.

૨૯મીએ રાત્રે મુ. શ્રી પી. સી. વૈદ્યસાહેબ આવી ગયા. ૩૦-૧૨-૯૫ વહેલી સવારથી મહેમાનો આવવા

માંડ્યા. ૯-૦૦ વાગ્યે કાર્યક્રમ શરૂ થયો. મુ. જયાબહેન શાહ, મુ. દલસુખભાઈ પટેલ, મુ. કરમશીભાઈ મકવાણા, મુ. ભોગીભાઈ લાલાણી, મુ. વ્રજલાલભાઈ પરીખ, મુ. દેવેન્દ્રભાઈ દેસાઈ, વલ્લભભાઈ પટેલ પરિવાર, મોટીમારડનું ગ્રુપ વગેરે પણ આવી ગયાં. સારસ્તભવન આખો ભરાઈ ગયો. સણોસરા અને આસપાસનાં ગામના ગ્રામજનો પણ આવ્યા હતા. લોકભારતી અને ગ્રામદક્ષિણામૂર્તિ સંસ્થાના કાર્યકરો, તેમના પરિવારજનો અને વિદ્યાર્થીઓ તો સહજપણે ભાગીદાર હોય જ.

શાંતિપાઠ અને મંગલગીતથી કાર્યક્રમને ઉચિત એવું વાતાવરણ બંધાઈ ગયું-ગાંભીર્ય અને પ્રસન્નતાનું. બહેનોએ આ. શ્રી. વૈદ્યસાહેબ, શ્રી વલ્લભભાઈ મો. પટેલ અને પૂ. મનુદાદાનું કુંકુમતિલક અને પુષ્પોથી સ્વાગત કર્યું. સ્વ. પૂ. નાનાભાઈ સ્મારક વ્યાખ્યાનમાળાના ૩૪મા મણકાના વ્યાખ્યાતા વિશ્વપ્રસિદ્ધ ગણિતજ્ઞ, પારદર્શક ગાંધીજન શ્રી વૈદ્યસાહેબ વાર્ષિકોત્સવના મુખ્ય મહેમાન હતા. તેમને આવકાર આપતાં પૂ. મનુદાદાએ કહ્યું કે "વૈદ્યસાહેબ આપણા વાર્ષિકોત્સવમાં આવ્યા તે આપણને માન આપ્યું છે તેમ સમજું છું. હિન્દુસ્તાનમાં ગણિતને જાણવાવાળા જે ડઝનેક તજજ્ઞો છે તેમાં તેઓ મુખ્ય છે. તેમણે અનેક પદો શોભાવ્યાં છે. આટલા પ્રતિષ્ઠિત છતાં તેઓ આ ઉંમરે પણ સાઈકલ ઉપર ફરે છે. તેમની સાદાઈ મને સૌથી વધુ અસર કરી ગઈ છે. ભણેલા અને ઉપર બેઠેલા લોકો આવી સાદાઈ રાખે તો દેશ ઊંચો આવે.

નઈ તાલીમનું અમારું કામ તે ટીટોડીએ સાગર ઉલેચ્યો તેવું છે. ટીટોડીને બીજાં પક્ષીઓએ મદદ કરી ને અંતે સાગરે નમતું આપ્યું તેમ કોક દહાડો અમારો પુરુષાર્થ લેખે લાગશે તેવી અમને આશા છે.

ગામડાની નેતાગીરી નિર્માણ કરવી તે અમારું લક્ષ્ય છે, નેતાગીરી કરનારમાં બે ગુણો આવશ્યક છે: (૧) મહેનત કરવાની તૈયારી. પરિશ્રમનું ગૌરવ. ઉત્તમ પ્રોફેસર પણ સાવરણો લઈને વાળે. સાથે કામ કરવાથી ઉત્તમ મૈત્રી સ્થપાય છે. હાથના આંગળા ખરડવાની તૈયારી ન હોય તેનું આ સંસ્થામાં કામ નથી. અમારા આરાધ્ય દેવ શ્રીકૃષ્ણ છે. તેમણે અર્જુનનો રથ હાંકી સારથીપણું કર્યું, ઘોડા થાક્યા ત્યારે જાતે ધમાર્યા. અમારે એવા ભગવાન જોઈએ છે જે વાછરડા ચારી શકે અને ગીતા પણ ગાઈ શકે.

(૨) બીજું તત્ત્વ છે, ડહાપણ. ડહાપણમાં વિજ્ઞાન આવી જાય છે. ડહાપણ + પરિશ્રમ = કેળવણી. પશ્ચિમ ભારતમાં આ એક એવી સંસ્થા છે જે નઈ તાલીમના સિદ્ધાંતો પ્રમાણે બાલવાડીથી અનુસ્નાતક સુધીનું શિક્ષણ આપે છે. અમારી પણ ભૂલો કે મર્યાદાઓ હશે. પણ અમે આ જ કેળવણી આપવા માગીએ છીએ. અમારા કામમાં વૈદ્યસાહેના આશીર્વાદ મળે તેવી વિનંતી છે."

એ પછી ઉપનિયામક શ્રી પ્રવીણભાઈ ઠક્કરે સંદેશાવાચન કર્યું હતું. મોટા ભાગના સંદેશાઓમાં લોકભારતી અને વૈદ્યસાહેબ માટે આદર છલકાતો હતો. શ્રી માનભાઈ ભટ્ટે દર્શાવેલી અપેક્ષા-"વાર્ષિકોત્સવ અને વ્યાખ્યાનમાળા વિચારબેટરીને ચાર્જ કરવા માટેનું નિમિત્ત બની રહો," એ સંદેશાઓમાં અનેક રીતે કહેવાયું હતું.

વાર્ષિકોત્સવમાં ગ્રામદક્ષિણામૂર્તિ આંબલા અને લોકભારતી ગ્રામવિદ્યાપીઠના નિયામકો બંને સંસ્થાનું આખા વર્ષની પ્રવૃત્તિઓનું સરવૈયું રજૂ કરતા હોય છે. આંબલાના નિયામક શ્રી અનિલભાઈ ભટ્ટ અને લોકભારતીના નિયામક શ્રી અરુણભાઈ દવેએ નિવેદનો રજૂ કર્યાં. તેમાંથી બંને સંસ્થાનાં પ્રવૃત્તિ, પ્રયોગો, પરિણામો અને ભાવિ આયોજનોનો સુપેરે ખ્યાલ મળી શક્યો. લોકભારતી સંસ્થાએ પાણી સંગ્રહ યોજનાનું ત્રણ વર્ષનું, ૩૦ ગામનું, ૭૦ બાંધકામનું નોંધપાત્ર કાર્ય ઉપાડ્યું છે, તેમાંય સૌથી અગત્યની બાબત છે લોકભાગીદારી અને વિદ્યાર્થીઓનું શિક્ષણ. એના વિશિષ્ટ અભિગમની વાત શ્રી અરુણભાઈ દવેએ વિગતે રજૂ કરી. બહારથી આવેલા મહેમાનો અને શુભેચ્છકોને બંને સંસ્થાઓની પ્રવૃત્તિઓ અને પ્રગતિનો સરસ આલેખ નિવેદનોમાંથી પ્રાપ્ત થઈ શક્યો. (બંને નિયામકોના નિવેદનો આ અંકમાં અન્યત્ર આપેલાં છે.)

છેલ્લાં સાત વર્ષથી વાર્ષિકોત્સવ પ્રસંગે સમાજમાં

નોંધપાત્ર પ્રદાન કરનાર, બંને સંસ્થાઓના એક ભૂતપૂર્વ વિદ્યાર્થીનું, સન્માન કરવામાં આવે છે. મૂળે તો રજનીબહેન ગાંધીએ પૂ. મનુદાદાને અંગત વપરાશ માટે રકમ મોકલેલી. મનુદાદાએ તે રકમ ન સ્વીકારી, પોતાનાથી આવી રીતે રકમ ન સ્વીકારી શકાય તેમ જણાવી લોકભારતી ટ્રસ્ટને અર્પણ કરી. એક ભૂતપૂર્વ વિદ્યાર્થીનું સન્માન કરવાની યોજના દર્શાવી. તેમાંથી આ યોજના આકાર પામી. આ વર્ષે આંબલા-લોકભારતીના ભૂતપૂર્વ ખેતી વ્યવસ્થાપક, ડ્રીપ ઈરિગેશન અને ખેતી નિદર્શન ક્ષેત્રે નોંધપાત્ર ફાળો આપનાર શ્રી વલ્લભભાઈ મો. પટેલનું સન્માન કરવામાં આવ્યું. તેમનો પરિચય આ લખનારે આપ્યો હતો. (તે લેખિતરૂપે આ અંકમાં અન્યત્ર આપેલ છે.)

ત્યાર બાદ આદરણીય શ્રી જયાબહેન શાહે શાલ અર્પણ કરીને શ્રી વલ્લભભાઈનું સન્માન કર્યું. પોતાને અપાયેલ રકમમાં રકમ ઉમેરીને શ્રી વલ્લભભાઈએ સંસ્થાને તે પરત ભેટ આપી.

સન્માનનો પ્રતિભાવ આપતાં શ્રી વલ્લભભાઈ પટેલે જણાવ્યું કે "મારી જન્મદાત્રી માતા છે, પણ મારું જીવન ઘડતર કરનાર સંસ્થા છે. સંસ્થા અમને ભણાવવા માટે અહીં લઈ આવી. સંસ્થાએ ભણવા કરતાં ગણવામાં વધુ ધ્યાન આપ્યું. શિક્ષણ અને શ્રમનો સમન્વય નાનાદાદાએ કર્યો, અને તેથી અમે ઘડાયા. વિજ્યાબાની સેવા તત્પરતા અને વાત્સલ્યે તથા મનુદાદાની ધીરજે અમને પોતીકા બનાવ્યા. તેઓ ડિગ્રીધારી નહોતાં, બધામાં સતત સાથે રહીને તેમણે અમારું ઘડતર કર્યું.

તેમણે ઠપકો નહિ, પણ કેળવણીનો પાઠ આપ્યો છે. અમે સારધાર નીકળી શક્યા કારણ કે તેમણે અમને એવું ઉત્તમ શિક્ષણ આપ્યું હતું. અમે અનેક કામોમાં પલોટાયા. બધાં કામમાં ગુરુજનોની અમને હૂંફ મળતી. સંસ્થાની ખેતી કે બાંધકામ કે બીજી જે જે કામગીરી સંસ્થાએ સોંપી તે સંભાળી અને તેમાં સફળ થયો તેમાં આંબલા સંસ્થાના શિક્ષણ અને ગુરુજનોનો ફાળો છે.

૧૯૫૫થી ૮૦ સુધી લોકભારતીનું કામ કરી, મુક્ત થયા પછી નિદર્શનફાર્મ બનાવ્યું, દસ હજાર ખેડૂતોએ તેની મુલાકાત લીધી છે, પાણી સંગ્રહ યોજના માટેના પ્રયોગો આજે પણ કરી રહ્યો છું તે આવડત આપનાર સંસ્થાનું શિક્ષણ છે."

પ્રાસંગિક પ્રવચનોમાં આ. જયાબહેન શાહે જણાવ્યું કે "વલ્લભભાઈ જેવા નીવડેલા વિદ્યાર્થીઓને લોકભારતીએ માનદ ડિગ્રી આપવી જોઈએ. સંસ્થા આ માટે વિચાર કરે. વલ્લભભાઈ જેવા વિદ્યાર્થીઓએ સંસ્થાને ઊજળી કરી છે. આપણે તેમનું સન્માન કરવામાં મોડા પડ્યા છીએ. નાનાભાઈ ભાવનગરથી આંબલા આવ્યા અને જે શિક્ષણ આપ્યું તેનો એક વિકસેલો છોડ તે વલ્લભભાઈ છે. લોકભારતીનો વિદ્યાર્થી કોઈ પણ જગ્યાએ હોય તો ઝળકે તેમાં પરિશ્રમ અને ડહાપણનો સમન્વય મુખ્ય ભાગ ભજવે છે.

મનુદાદાને માંદગી પછી નવું જીવન મળ્યું છે. તો તેઓ ગ્રામવિકાસમાં તેમની શકિતનો ઉપયોગ તો કરશે જ. પણ તેમણે (વલ્લભભાઈએ) લખવાનું બંધ કર્યું છે, હવે લખવું જોઈએ. કોઈને કોઈ વિષયમાં આપણે આગળ વધશું તો લોકભારતી જીવતી રહેશે."

મુ. દલસુખભાઈ પટેલે જણાવ્યું કે "૧૯૪૮માં ગ્રામદક્ષિણામૂર્તિમાં જવાનું થયું ત્યારે વલ્લભભાઈએ ખેતીના કામને સમજાવ્યું ત્યારથી તેમનું આકર્ષણ રહ્યું છે. આંબળિયાટ ફાર્મનું સર્જન થયું તેમાં વલ્લભભાઈનો મોટો ફાળો છે. વલ્લભભાઈ અને ઊજમભાભી ગામમાં મજૂરોની ખબર કાઢવા જતાં. વલ્લભભાઈએ 'ફૂલછાબ'માં લેખો લખી હજારો ખેડૂતોને માર્ગદર્શન આપ્યું છે. વલ્લભભાઈનું કુટુંબ આદર્શ કુટુંબ છે. વિજ્યાબાને કારણે વલ્લભભાઈનું ઘડતર થયું છે. તેમને શુભેચ્છા પાઠવું છું."

શ્રી અર્જુનભાઈ ગોપાણીએ કહ્યું કે, "વલ્લભભાઈની પ્રવૃત્તિ તે લોકભારતીની જ પ્રવૃત્તિ છે, વલ્લભભાઈને સન્માન્યા તેથી તેમની પ્રવૃત્તિનો વ્યાપ વધશે.

લોકભારતીમાં શ્રમને મહત્વ અપાયું છે તેથી તેનું નામ ઊજળું છે. આ જ પ્રકારની બીજી સંસ્થાઓમાં

શ્રમ નથી ત્યાં ખાસ કશું નથી જોવા મળતું. લોકભારતીનો વિદ્યાર્થી ગમે તે ક્ષેત્રમાં ગયો ત્યાં સફળ થયો છે તેની પ્રેરણા અહીંથી મળી છે, કારકિર્દીનું ઘડતર અહીં થયું છે. મનુદાદાએ કહ્યું તેમ ટીંટોડીને સફળતા મળી તેમ આપણને પણ સફળતા મળશે. અહીંના કાર્યકરો શ્રદ્ધાથી કામ કરે છે, જીવન અર્પણ કરે છે તેથી અહીંના કામમાં તેજ છે.

મારું સૂચન છે કે, રાજ્યના વહીવટમાં આપણા વિદ્યાર્થીઓ વધુ જવા જોઈએ. એ પણ મોટું પરિબળ છે. વહીવટમાં આપણા વિદ્યાર્થીઓ વધુ હશે તો કામ વધુ સારું થઈ શકશે. વલ્લભભાઈને હું અભિનંદન આપું છું."

મુ. શ્રી કરમશીભાઈ મકવાણાએ વલ્લભભાઈને અભિનંદન આપી, આ. વૈદ્યસાહેબ નિરાંતે કહી શકે તે માટે સમયદાન કર્યું હતું.

સમારંભના મુખ્ય મહેમાન આ.શ્રી. વૈદ્યસાહેબે ટૂંકું પણ સચોટ વક્તવ્ય આપ્યું હતું: "ભારતમાં નઈ તાલીમની સંસ્થાઓ માત્ર પાઠ્યપુસ્તકોમાં જ છે. ગુજરાતમાં ઘણી સંસ્થાઓ છે. પણ લોકભારતી અને ગ્રામદક્ષિણામૂર્તિનું તેમાં વિશિષ્ટ સ્થાન છે. કારણ કે ગાંધીજી દક્ષિણ (આફ્રિકાથી આવ્યા) તે પહેલાં (૧૯૧૦માં) નાનાભાઈએ શામળદાસ કૉલેજનું પ્રોફેસરપદ છોડ્યું અને નવી પ્રણાલીની સંસ્થા સ્થાપી. લોકભારતીની વિશેષતાનું કારણ આ છે.

તમે સૌ લોકભારતીમાં ભણેલા છો, અમે મેકોલે ભારતીમાં ભણેલા છીએ. લોકભારતીમાં ભણેલો વિદ્યાર્થી આજ માધ્યમિક શિક્ષણબોર્ડના નાયબ અધ્યક્ષપદે પહોંચ્યો છે.

આજે દસમા ધોરણની પરીક્ષામાં ચાર લાખ વિદ્યાર્થીઓ બેસે છે તેમાંથી કારકૂનો તૈયાર થાય છે. આઈ. ટી. આઈ.માં ૫૦ હજાર વિદ્યાર્થીઓ બેસે છે તેમાંથી કારીગરો તૈયાર થાય છે. એ સંસ્થાઓ માહિતી આપીને વિદ્યાર્થીઓને છોડી દે છે.

અંગ્રેજી ફરજિયાત કરવાનો અહીં ઉલ્લેખ થયો. આપણા વહીવટકારોનું ચાલે તો બાળક પેટમાં હોય ત્યારથી માને અંગ્રેજી શીખવવાનું શરૂ કરે તેમ છે. કારણ કે એ મેકોલેભારતીનું શિક્ષણ છે.

આપણા સમાજમાં તાલીમમાં ઘરાના પદ્ધતિ હતી. સુથાર, લુહાર, કડિયો ઘેર રહીને, ઘરનાઓ સાથે તે તે કામ શીખતો. તેની સંસ્થાઓ ન હતી. આજે આ કામો શીખવવાની સંસ્થાઓ છે પણ તે શિક્ષણ આપતી નથી. વિદ્યાર્થીઓ એ રીતે કેળવતા નથી.

ત્રીજી વાત મારે એ કહેવી છે કે પરદેશમાં મેં જોયું છે કે ઘરમાં જે ભાષા બોલાય છે તેવી જ ભાષા ખેતરમાં બોલાય છે, તેવી જ ભાષા અભ્યાસક્રમમાં હોય છે. આપણે ત્યાં કરુણતા એ છે કે ઘરમાં સાદી સીધી ભાષા બોલાતી હોય, પણ અભ્યાસક્રમમાં સંસ્કૃતપ્રધાન અઘરી ભાષા હોય. પાંચમા ધોરણના પાઠ્યપુસ્તકમાં થડ નહિ 'પ્રકાંડ', પાન નહિ 'પર્ણ' શબ્દ જ મૂકાય છે. શી જરૂર છે આવું અઘરું કરવાની ? પણ આ મેકોલેભારતીની અસર છે.

આ સંસ્થાની શિક્ષણ પદ્ધતિની એક વિશેષતા મારા ધ્યાનમાં આવી છે. તે ધક્કો મારવાની પદ્ધતિ. ભાવનગરમાં હું ભણતો ત્યારે ડૉ. કાણે હતા. તેઓ તરતા શીખવતી વખતે સાવ નવા શીખનારને હોજને કાંઠે ઊભો રાખી સમજાવે કે 'જેમ કૂતરાં જાતે જ તરતાં શીખે છે તેમ તરતાં જાતે જ શીખવાનું હોય. માથું પાણી ઉપર રહે તેટલું ધ્યાન રાખવું.' પછી ધક્કો મારે. પેલો પાણીમાં પડે. ૯૦ ટકા છોકરા તરતા શીખી જતા. આ સંસ્થાનું કામ છે સૂઝ અને પરિશ્રમની તૈયારી આપીને વિદ્યાર્થીને વ્યવહારમાં મૂકી દેવો, સમાજમાં તરતો મૂકી દેવો. પછી તે જાતે તરવા માંડશે. નવાં નવાં કામો જાતે કરતો થઈ જશે. ભણ્યા પછી જેવા સંજોગો, તે પ્રમાણે નવું કામ શીખી લેશે. આ વલ્લભભાઈ ક્યાં બધું શીખ્યા હતા ? પણ ડૂબવાનું શીખી ગયાને ?

આ તાલીમની વિશેષતા છે સંજોગો પ્રમાણે જાતને ગોઠવવાની તાલીમ આપવાની. ગમે તેવા પડકારોમાં ગોઠવાવાની તાલીમ આ શિક્ષણમાંથી મળે છે.

હું તો ભાવનગરમાં ભણ્યો છું. પણ સ્વાતંત્ર

કોડિયું

આંદોલનનું વાતાવરણ હતું, ગાંધીજીની અસર હતી, વિચાર કરવાની વૃત્તિ હતી તેથી મેકોલેભારતીવાળો છતાં થોડું કામ કરી શક્યો છું.

લોકભારતી અને કૃષિશિક્ષણ સાથે મને બહુ લગાવ છે. અગાઉ આવ્યો હતો ત્યારે કપાસ સંકરણનું કામ જોયું હતું. પછી લોક-૧નું કામ જોયું, તેથી કૃષિ સંશોધનનું સાચું કામ અહીં થાય છે તેમ હું માનું છું. ભારત સરકાર કૃષિ સંશોધન માટે ૦.૦૦૦૧ ટકા રકમ વાપરે છે. અહીં થાય છે તે સાચું સંશોધન છે. આ સંસ્થાનો હેતુ વાત કરવાનો નહિ, પણ કામ કરવાનો છે. એથી આ સંસ્થા જ્યારે પણ આમંત્રણ આપે છે ત્યારે ક્ષોભ વગર સ્વીકારી લઉં છું. હજુ પણ આમંત્રણ આપશો ત્યારે જરૂર આવીશ. તમે એક માસ્તરને ભણવાની તક આપી છે."

આ. શ્રી વૈદ્યસાહેબનું વ્યાખ્યાન સૌને સ્પર્શી ગયું.

આ વખતે કાર્યક્રમ પ્રમાણમાં ઘણો સમયસર ચાલતો હતો. આ. વૈદ્યસાહેબ પાસેથી લાંબું વ્યાખ્યાન મળે તેવી સૌની અપેક્ષા હતી, પણ તેમણે ઘડિયાળની અને શ્રોતાઓની આમન્યા રાખી વકતવ્ય ટૂંકાવ્યું.

આભારવિધિ કરી લોકભારતીના ટ્રસ્ટી શ્રી ભોગીભાઈ લાલાણીએ. બપોરે ૧૨-૦૦ વાગ્યે સૌ ભોજન તત્પર હોય ત્યારે હાસ્યરસમાં ઝબોળીને વાત કરવાનું તેમને સહજ છે. આખા કાર્યક્રમ વિશે, વક્તાઓ વિશે તેમણે માર્મિક નિરીક્ષણો આપ્યાં, વ્યંગ અને કટાક્ષપૂર્ણ ટકોર પણ કરી, સૌનો આભાર માન્યો. શ્રી ભોગીભાઈનો વ્યંગ નિર્દંશ હોય છે, વળી તેઓ જાત પર પણ હસી શકે છે. તેમણે મનુદાદાને 'દર્શક' તરીકે અને પોતાને આભારદર્શક તરીકે ઓળખાવ્યા. તેમનું વક્તવ્ય સૌને અનેરી હળવાશ આપી ગયું.

૧૨-૧૫ વાગ્યે સંગીત ટુકડીએ રજૂ કરેલું સમૂહ ગીત 'મારું જીવન એ જ મારી વાણી' પ્રસંગોચિત અને માધુર્યપ્રેરક બની રહ્યું.

આ વર્ષે ઊભું ખાણું (બૂફે) નો પ્રયોગ પ્રથમવાર કરવામાં આવ્યો હતો. એકંદરે તે સૌને ફાવ્યો તેમ જણાયું. પુસ્તક વેચાણ માટે મૂકેલાં પુસ્તકો રાહતદરે મળતાં હતાં માટે જ ખરીદાયાં તેમ નહોતું, પુસ્તકો પણ ગુણવત્તાવાળાં હતાં તેથી ઘણું આકર્ષણ રહ્યું.

સાંસ્કૃતિક કાર્યક્રમમાં લોકભારતીનું 'વસ્ત્રાવરણ' અને મણારનું 'ગિલોટીનનો ગોટો' નાટકો સરસ રીતે રજૂ થયાં, આંબલાની પર્યાવરણ અંગેની નૃત્યનાટિકા સરસ હતી. લોકભારતીનાં બહેનોના રાસ ગરબા અને ભાઈઓ-બહેનોના સંયુક્ત દાંડિયારાસ તથા પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓનાં નૃત્યો પોતપોતની રીતે આકર્ષક રહ્યાં.

સંગીત ટુકડીએ ત્રણે બેઠકોના પ્રારંભે અને અંતે ઉત્તમ ગીતો ઉત્તમ રાતે રજૂ કર્યાં. છેલ્લું ગીત હતું, 'ભૂતળ ભક્તિ પદારથ મોટું' તેણે પ્રસંગને ઊજમાળી આપ્યો.

સ્વ. પૂ. નાનાભાઈ ભટ્ટ સ્મારક વ્યાખ્યાનમાળાના ૩૪મા મણકાના બે વ્યાખ્યાનો આ. વૈદ્યસાહેબે આપ્યાં. વિષય હતો "ગાંધી દર્શનમાં પ્રયોગાત્મક અભિગમ." ૩૦મીએ બપોર પછી પહેલું અને ૩૧મીએ સવારે બીજું વ્યાખ્યાન આપ્યું. આ. વૈદ્યસાહેબના વિચારની સ્પષ્ટતા, ગાંધીજી પ્રત્યેની શ્રદ્ધા, મૌલિક અર્થઘટન, સરળ રીતે જ વાત રજૂ કરવાનો આગ્રહ, અભ્યાસની સજ્જતા અને પારદર્શક વ્યક્તિત્વે સૌમાં ઊંડો આદર જગાવ્યો. તેમનાં આખાં વ્યાખ્યાનો પ્રગટ થવાનાં છે. તેથી તેનો પરિચય અહીં પ્રસ્તત નથી. પણ કોઈ પણ વિષયને કેમ જોવાય-મૂલવાય તેનું ઉત્તમ દૃષ્ટાંત તેમનાં વ્યાખ્યાનો બની રહ્યાં. કાર્યકરો સાથેની એક કલાકની પ્રશ્નોત્તરીમાં તેમના વ્યક્તિત્વની બધી રેખાઓ ઉપસી આવી. નિષ્ઠાનો ધબકાર અને વિચારની સમૃદ્ધિનો આવો વિરલ યોગ ઓછી વ્યક્તિઓમાં જોવા મળે છે.

વ્યાખ્યાનોને અંતે લોકભારતીના નિયામક શ્રી અરુણભાઈ દવેએ આ. વૈદ્યસાહેબની નમ્રતા, સાદગી અને વિદ્વત્તાનું સ્મરણ કરી, લોકદક્ષિણામૂર્તિ વતી શાલ ઓઢાડી તેમનું અભિવાદન કરી, આભાર માન્યો હતો.

(અનુસંધાન પાના ૧૦ ઉપર)

આ. શ્રી. વૈદ્યસાહેબ માટે

(અનુસંધાન પાના ૧૦૯ નું ચાલુ)

આ બે દિવસોમાં આ. સ્વ. મોરારજીભાઈ દેસાઈ અને આ. સ્વ. વિજ્યાબહેન પંચોળી આપણી વચ્ચે નથી તેનો ખાલીપો વારંવાર પ્રગટ થતો રહ્યો.

૩૧મી ડિસેમ્બર એ સ્વ. પૂ. નાનાભાઈની પુણ્યતિથિ તેથી જ તારીખ બદલવાની થઈ ત્યારે આ તારીખ પસંદ કરવામાં આવી હતી. ૩૧મીએ સવારની પ્રાર્થના પછી પૂ. મનુદાદાએ "શિક્ષણનો ધર્મ" વિશે ખૂબ જ મનનીય વ્યાખ્યાન આપ્યું. (તે આખું આ અંકમાં છપાયું છે.) તેમનું વ્યાખ્યાન સૌને માટે વિચારોત્તેજક અને નવી દૃષ્ટિ આપનારું બની રહ્યું.

૩૧મીએ બપોરે ભોજન પછી સૌ છૂટા પડ્યા ત્યારે ગાંધી વિચારની તાજગી અને અનેક પ્રકારનું વિચારભાથું મળ્યાની તૃપ્તિ વરતાતી હતી. સૌએ પોતાની વિચાર બેટરી પોતપોતાની કક્ષાએ ચાર્જ કરી લીધી હતી. ❋